॥ સનાતન પરમો ધર્મ ॥

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સોસીયલ મિડીયા

સંં -૨૦૭૮ ● વૈશાખ સુદ-૨ ● તા.૦૨-૦૫-૨૨ ● સોમવાર SDP No.:739 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

યુવાસંઘ ૨૦૨૨-૨૩ સ્વર્ણિમ ટીમ પ્રથમ કારોબારી સભા યિંચવડ, પુના.

યુવાસંઘ ૨૨-૨૩ ની ટીમ નેતૃત્વ ની પ્રથમ કારોબારી સભા પુણે માં ઉપસ્થિત કાર્યકરો સભ્ય.

તારીખ 01-05-2022 ના યુવાસંઘ નવ નિયુક્ત 2022-23 સ્વર્ણિમ ટીમની પ્રથમ કારોબારી સભા, યિંચવડ, પુના મુકામે મળી. સભાની શરૂઆતમાં પર્વતના મુકેશ કાલરીયા એ હાજર રહેલા યુવાસંઘ અને સમાજના હોદ્દેદારો સર્વે નું સ્થાન ગ્રહણ કરાવેલ અને સર્વે નું સ્વાગત કરેલ. સભાની શુભ શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરી સ્થાનિક સમાજની ટીકરીઓ દ્વારા સ્વાગત નૃત્ય થી સર્વે નું સ્વાગત કરવા આવ્યું. દિવંગત પામેલ નામી અનામી સર્વે સભ્યો માટે બે મિનિટ નું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ. ત્યારબાદ નવી દોર જનરલ સેકેટરી ભરત છાભૈયા દ્વારા સંભાળવામાં આવેલ 2022-23 સ્વર્ણિમ ટર્મ ની સંપર્ક પુસ્તિકા નું વિમોચન કરવામાં આવેલ. ગત મિનિટસ નું વાંચન સેકેટરી નિતેશ સુરાણી દ્વારા કરવામાં આવેલ અને તેને સર્વે સભ્યોએ બહાલી આપેલ.હિસાબોની રજૂઆત ટ્રેઝરર લક્ષ્મણ ગોરાણી દ્વારા કરવામાં આવેલ જેને સર્વે સભ્યો એ બહાલી આપેલ. યુવા કલચ ના હિસાબો ની રજૂઆત સમિતિ CEO શૌરભ રામાણી એ કરેલ. આવેલ પત્ર નું વાંચન સેકેટરી નિતેશ સુરાણી દ્વારા કરવામાં આવ્યું. જુદા જુદા કાઉન્સિલ પ્રમાણે રિજિયનો ના અહેવાલ લેવામાં આવેલ. ત્યારબાદ કચ્છ કડવા પાટીદારની અખબાર ગાઇાની વિડિયો ક્લિપ સર્વે સમક્ષ રજૂ કરવામાં આવેલ. મિશન રોરમેન નટવર સામાણી દ્વારા વિવિધ સમિતિઓ ના કાર્યો નો અહેવાલ સમિતિ લીડર દ્વારા સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ ખુલ્લો મંચ રાખવામાં આવેલ... મિશન રોરમેન નું સંબોધન અને તેની સાથે IPP ડો.વસંત પોણે નું સંબોધન અને અંતમાં પ્રેસિડેન્ટ હિતેશ રામજીયાણી નું સંબોધન બાદ પર્વતના મુકેશ કાલરીયા દ્વારા આભાર વિધિ કરવામાં આવી...ઉપરોક્ત સભા નો પૂર્ણ માહિતી અને જાહેર કરેલ કર્યો નીં સમીક્ષા સાથે ની માહિતી તીમ યુવાસંઘ તરફથી આવતા અંક માં આપવામાં આવશે..

યુવાસંઘની પ્રથમ કારોબારી સભા પીપરી ચિન્ચવડ

સભાની સભા ના કમલ અમલ માટે દીપ ના સ્વરૂપે પ્રગટાવવા ની ક્ષણ ક્ષણ ... (ડાબુંબેઠા ... મુકેશ કાલરીયા ... ઉભેલા ... ડાબે મંચ ઉપર ડાબેથી જી ટીમ ના પ્રમુખ ... ઉપપ્રમુખ ... સ્વર્ણિમ ટીમ ના પ્રમુખ ... સ્વર્ણિમ ટીમ ના ઉપપ્રમુખ ... સ્વર્ણિમ ટીમ ના સેકેટરી ... સ્વર્ણિમ ટીમ ના ટ્રેઝરર